વડીલોને વંદન અભિનંદન

રવીન્દ્ર એસ. યાદવ
(૧૯૩૨)ફોન: ૨૩૨૨૪૩૪૬

રમેશચંદ્ર મનુભાઈ જોષી
(૧૯૪૩)ફોન: ૨૩૨૩૦૬૩૨

દિવ્યપ્રભા રમેશચંદ્ર જોષી
(૧૯૪૪)ફોન: ૨૩૨૩૦૬૩૨

અંબાલાલ ભીખાલાલ પટેલ
(૧૯૪૭)ફોન: ૨૩૨૩૩૫૯૦

મહેન્દ્રભાઈ મથુરદાસ શાહ
(૧૯૫૦)ફોન: ૨૩૬૦૦૦૧૩

સુરેશ એલ. પંડ્યા
(૧૯૪૧)મો.૯૫૮૬૯૩૫૯૬૫

વિદ્યાર્થીઓનો વધુ વિકાસ થાય તે હેતુથી રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર સ્થિત કડી સર્વ વિશ્વ વિદ્યાલયના ફેકલ્ટી ઓફ મેનેજમેન્ટ દ્વારા રાષ્ટ્રીય કક્ષાની 'ધી એનસીલેબસ-૨૦૧૪' નામથી એક સ્પર્ધાઓની શ્રેણીનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શોર્ટ ફિલ્મ મેકિંગ, સમર પ્રોજેક્ટ કોમ્પીટીશન, ન્યુ પ્રોડકટ આઈડિયા, એડ પોસ્ટર, ગ્રૂપ ડીસ્કશન, બેઝ મેનેજમેન્ટ મુવી લેસન, માર્કેટીંગ કવીઝ બેઝડ ઓન સેન્સીસ જેવી વિવિધ સ્પર્ધાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં સમગ્ર દેશમાંથી ૭૦ ઉપરાંત સંસ્થાઓમાંથી લગભગ ૧૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને કોર્પોરેટ ક્ષેત્રના તજજ્ઞો સહિત અધ્યાપકો મોટી સંખ્યામાં જોડાયા હતા. કાર્યક્રમના ઉદઘાટન સમારંભમાં અમદાવાદ એસેટના એકઝીકયુટીવ ડાયરેકટર જે.જી.ચતુર્વેદી અને મુખ્ય મહેમાન પદે જાણીતા લેખિકા 'કાજલ ઓઝા વૈદ્ય' એ હાજર રહી સમગ્ર દેશમાંથી ઉમટેલા વિદ્યાર્થીઓને ઉદબોધન કર્યું હતું.

ગાંધીનગરને ઈ-નગર અને સ્વચ્છતા માટે ૧ કરોડની સહાય મળવાના સંકેતો

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર મહાનગરપાલિકાનેકેન્દ્ર સરકાર તરફથી ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટ માટે રૂ. ૩૩ કરોડની સહાય બાદ રાજય સરકારે પણ ઈ-નગર પ્રોજેક્ટ ને સ્વચ્છતા અભિયાન અંતર્ગત રૂ. ૧ કરોડની ગ્રાન્ટ આપવા માટેનું મન બનાવી લીધું છે. આ અંગેની વિધિવત જાહેરાત ટુંકમાં કરવામાં આવે તેવા સંકેતો મળી રહ્યા છે.

ગાંધીનગર શહેરને વાઈ-ફાઈ કનેકટીવીટીથી સાંકળવાના પાયલોટ પ્રોજેક્ટનો પણ સ્વીકાર કરવામાં આવ્યો હોવાનું શહેરી વિકાસ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થયું છે.

ગત મહિને રાજયની એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં સચિવાલય સંકુલને વાઈ ફાઈ બનાવવા અંગેના નિર્ણય બાદ શહેરી વિકાસ વિભાગ દ્વારા આખા નગર માટેનો ઈ-નગરનો પ્રોજેક્ટ તૈયાર કરાયો છે.

આજે મહાત્મા મંદિર ખાતે રાજયના મુખ્યંત્રીશ્રી નરેન્દ્ર મોદી ઈ-નગર પ્રોજેક્ટ અને ત્રણ માસ માટેના વિશેષ સફાઈ અભિયાનનો વિધિવત આરંભ પણ કરાવવાના છે.

મળતી વિગતો પ્રમાણે શહેરી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના આધુનિકરણની દિશામાં સરકારે ક્રમબધ્ધ પગલાંઓ લીધા છે હવે સરકાર નગરોને ઈ નગર બનાવવાની દિશામાં આગળ વધી રહી છે. પ્રથમ મહાનગરો અને ૬૦થી વધુ નગરપાલિકાઓને વાઈ ફાઈ કનેકટીવીટીથી સાંકળવાનું આયોજન કરી રહેલ છે. જેમાં ગાંધીનગરનો પણ સમાવેશ કરાયો છે.

દરમિયાન મહાનગર પાલિકાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૭મીથી નગરમાં સઘન સફાઈ અભિયાન હાથ ધરવામાં આવનાર છે. આ પ્રોજેક્ટના અમલીકરણ માટે તંત્ર એ અલાયદું આયોજન કર્યું છે.

કોર્પોરેશનના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતોપ્રમાણે ગાંધીનગર શહેરમાં સંપૂર્ણ સ્વચ્છતા અભિયાન અંગે પણ વિશેષ આયોજન એકાદ સપ્તાહમાં તૈયાર કરવામાં આવનાર છે. ગાંધીનગર મહાનગરપાલિકાનેસ્વચ્છતા અભિયાન અંતર્ગત અગાઉ રૂ. ૧૦ કરોડ અને હવે ૧ કરોડ જેવી રકમ રાજય સરકાર તરફથી મળે તેવા સંકેતો છે.

આ ઉપરાંત કેન્દ્ર સરકારે પણ ડોર ટુ ડમ્પીંગ પ્રોજેક્ટ માટે રૂ. ૩૩ કરોડ જટલી માતબર સહાય આપવાની જાહેરાત કરી છે. આમ હવે ગાંધીનગર શહેરને સ્વચ્છ નગર બનાવવા માટે કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા ૪૧ કરોડ જેટલી માતબર રકમ ત્રણ વર્ષમાં પ્રાપ્ત થઈ હોવાથી કોર્પોરેશનના અધિકારીઓ પણ હવે નગરને સ્વચ્છ બનાવવા કટિબધ્ધ બન્યા છે.

આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો યોજના અંતર્ગત ૧૦ કરોડથી વધુ રકમ ગાંધીનગરને ફળવાઈ છે

કોલસાના ભાવ વધારાને કારણે વીજમથક પર ૧૦૦ કરોડથી વધુનું આર્થિક ભારણ પડ્યુ છે

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં લીઝ ઉપરાંતની જગ્યામાં ખોદકામ કરાતુ હોવાની એક ઘટના સરકારના ધ્યાન પર આવી હોવાનું રાજયના ખાણ ખનીજ મંત્રીશ્રીએ આજે કોંગી ધારાસભ્યશ્રી અમીત ચૌધરીના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧૨-૧૩ની સ્થિતિએ સાદી રેતી ખનીજનો એક પણ પરવાનો આપવામાં આવ્યો નથી. પરંતુ સાદી રેતી ખનીજની એક ક્વોરીલીઝ અને ૪ બ્લોક મંજૂર કરવામાં આવી છે.

ધારાસભ્ય શ્રી ચૌધરીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં તેમણે જણાવ્યું હતું કે લીઝ ઉપરાંતની જગ્યામાં ખોદકામ કરનાર કસૂરદાર સામે સરકારે નિયમાનુસાર કાર્યવાહી કરીને રૂ. ૪.૪૧ લાખની દંડનીય વસુલાત પણ કરી છે.

મંત્રીશ્રીએ અન્ય પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે લીઝ ધારકો પાસેથી છેલ્લા એક વર્ષમાં રોયલ્ટીની આવક એક કરોડ ૫૬ લાખ ૭૭ હજારની થઈ છે.

● વીજમથક પર આર્થિક બોજ

ગાંધીનગર વીજ મથક માટે લાવવામાં આવતા કોલસાના દરોમાં વર્ષ ૨૦૧૨ માં રૂ. ૧૩૫.૯૦ યુનિ. મેટ્રીકટન વધારો અને વર્ષ ૨૦૧૩ ડિસેમ્બર સુધીમાં રૂ. ૧૯૯.૯૦ પ્રતિ મેટ્રીકટન વધારો થવા પામેલ છે. તેમ ભાજપના ધારાસભ્ય શ્રી અશોક પટેલના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં રાજય ઊર્જામંત્રીશ્રીએ જણાવ્યું છે.

ઊર્જામંત્રીશ્રીએ જણાવ્યું છે કે ગાંધીનગર વીજમથક માટે લાવવામાં આવતા કોલસાના દરોમાં થયેલ વધારાને કારણે વર્ષ ૨૦૧૨માં વાર્ષિક રૂ. ૪૭.૦૨ કરોડનો વધારાનો આર્થિક બોજ પડેલ જ્યારે માહે ડિસેમ્બર ૨૦૧૩ સુધીમાં થયેલા વધારાને કારણે રૂ. ૬૯.૧૭ કરોડનો આર્થિક બોજ પડેલ છે.

● કુટિર ઉદ્યોગ માટે લોન સહાય

ભાજપના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં કુટિર ઉદ્યોગ માટે છેલ્લા બે વર્ષમાં ૫૯૫૮ અરજીઓ લોન સહાય માટે તંત્રને મળી હતી.

આ અરજીઓ પૈકી ૨૦૮૨ અરજીઓ મંજૂર કરવામાં આવી છે. આ ઉદ્યોગો શરૂ કરવા માટે રૂ. ૧૫૩૭.૫૬ લાખની લોન આપવામાં આવી છે. જ્યારે ૨૦૯.૮૯ સહાય આપવામાં આવી છે.

● સરકારી પડતરમાંથી મુક્તિ

કોંગીના ધારાસભ્યશ્રી બળદેવજી ઠાકોર દ્વારા

વિધાનસભામાં ગાંધીનગર
- પ્રકાશ જહા

ગાંધીનગર જિલ્લામાં જમીનોને સરકારી પડતરમાંથી મુક્તિ આપવા બાબત પુછાયેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મહેસુલ મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં આવી ૨૨ જેટલી અરજીઓ મળી હતી, પરંતુ આવી એક પણ અરજી તંત્ર દ્વારા મંજૂર કરવામાં આવી નથી.

● એ.ટી.વી.ટી.ના કામો

કોંગી ધારાસભ્યશ્રી અમીત ચૌધરીએ ગાંધીનગર જિલ્લામાં એ.ટી.વી.ટી. યોજના અંતર્ગત ફાળવવામાં આવેલ રકમ તેમજ કામો અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આયોજન મંત્રીશ્રીએ જણાવ્યું છે કે રૂ. ૧૦૯૩.૭૫ લાખની રકમ ફાળવવામાં આવી છે.

આયોજન મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે જિલ્લામાં એ.ટી.વી.ટી. અંતર્ગત ૩૧-૧૨-૧૩ સુધીમાં ૮૧૬.૩૮ લાખના ૭૦૭ કામોને મંજૂરી આપવામાં આવી છે.

તેમણે પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે મંજૂર થયેલા કામો પૈકી ૪૮૭ કામો પૂર્ણ થયા છે. ૧૭૧ કામો પ્રગતિ હેઠળ છે જ્યારે ૪૯ કામો હજુ શરૂ થઈ શક્યા નથી.

આયુર્વેદનો વૈશ્વિક પ્રભાવ પ્રસ્થાપિત કરવા જરૂર છે

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગરમાં રાષ્ટ્રીય આયુર્વેદ પરિષદ (નેશનલ આયુર્વેદ સમિટ)નું ઉદ્‌ઘાટન કરતા આયુર્વેદનો વૈશ્વિક પ્રભાવ પ્રસ્થાપિત કરવાની પ્રતિબદ્ધતા માટે આયુર્વેદ ચિકિત્સકો અને આચાર્યોને પ્રેરક આહવાન કર્યું હતું. ભારત જ નહીં વિશ્વના સ્વસ્થ સમાજ માટે આપણું આયુર્વેદ સામર્થ્ય બતાવીએ. એમ તેમણે જણાવ્યું હતું. ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ અને ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના ઉપક્રમે મહાત્મા મંદિરમાં રાષ્ટ્રીય આયુર્વેદ પરિષદ યોજાઈ હતી. આયુર્વેદ ચિકિત્સાના ગણમાન્ય આયુર્વેદાચાર્યો અને દેશના આયુર્વેદિક તબીબોએ વિશાળ સંખ્યામાં ભાગ લીધો હતો. મુખ્યમંત્રીએ ભારતના વિશ્વખ્યાત આયુર્વેદાચાર્યોનું સન્માન કર્યું હતું. આયુર્વેદાચાર્ય ધન્વન્તરીનો દેહવિલય ગુજરાતના ગીર સોમનાથ જિલ્લાના સોમનાથ નજીક ધાણેજમાં સમાધિ સ્થળે થયેલો અને દેવોના વૈદ્યરાજ અશ્વિનીકુમારનો આરો તાપી નદીના તટ ઉપર છે તેનો ગૌરવ નિર્દેશ કરતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, આપણી આ શાસ્વત વિરાસતનો મહિમા આપણે જ કરતા નથી. ગુલામીકાળ ખંડે આપણને આપણી જ મહાન પરંપરાઓ પ્રત્યે ઉદાસિન બનાવી દીધા અને આયુર્વેદ વિજ્ઞાનની ભારતીય વિરાસતનું ગૌરવ અને સામર્થ્ય આપણે દુનિયા સમક્ષ રજૂ કરી શક્યા નથી એમ તેમણે જણાવ્યું હતું. આયુર્વેદનો પ્રભાવ બે મુખ્ય બાબતો ઉપર આધારિત છે તેની ભૂમિકા તેમણે આપી હતી. આયુર્વેદના ચિકિત્સકોનો ખૂદનો ભરોસો આયુર્વેદ ઉપર હોવો જ જોઈએ એ એક બાબત અને બીજી બાબત એ છે કે આયુર્વેદમાં સંપૂર્ણ વિશ્વાસ અને શ્રદ્ધા હોવા જોઈએ એમ તેમણે જણાવ્યું હતું. મહાત્મા ગાંધીજી માત્ર એક વસ્ત્ર શ્રારણ કરીને પણ વિશ્વ માંધાતા સામે પૂરા આત્મવિશ્વાસથી સમર્થ વ્યક્તિત્વનો પ્રભાવ પાડતા તેનું ઉત્તમ ઉદાહરણ આપતા નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે, ભારતીય આયુર્વેદ પરંપરા માટે આવા અડગ આત્મવિશ્વાસથી દુનિયા સમક્ષ આપણે સામર્થ્ય પુરુ પાડવાનું છે. આયુર્વેદ સ્વાસ્થ્યનું સદીઓથી પ્રાચિન શાસ્ત્ર છે અને આજે ગત હોલિસ્ટીક હેલ્થકેરની દિશામાં આગળ વધી રહ્યું છે ત્યારે આયુર્વેદ તો સંપૂર્ણ સ્વસ્થ જીવનનું શાસ્ત્ર છે તેનો પ્રભાવ અને પ્રતિષ્ઠ વિશ્વમાં કેમ ઉભો ના થાય એવો વિશ્વાસપૂર્વક અનુરોધ તેમણે કર્યો હતો. ગુજરાતમાં ગાંધીનગરના કોલવડા નજીક મોડેલ આયુર્વેદ કોલેજ રૂપિયા ૧૫૦ કરોડના ખર્ચે તૈયાર થઈ રહી છે તેની ભૂમિકા આપતા તેમણે જણાવ્યું હતું કે, આયુર્વેદ અને આહાર-વિહારનું શાસ્ત્ર, તથા યોગ-આ બધાને જોડીને, આપણે હોલીસ્ટીક હેલ્થકેરના દુનિયાના અભિગમને આપણા સાર્થ્થી પ્રભાવિત કરી શકીશું.

પરિવર્તન પાર્ટીનું વિલીનીકરણ : ગુજરાતમાં રાજકીય ધ્રુવીકરણના પગલે ગુજરાત પરિવર્તન પાર્ટી આજે વિધિવત્ રીતે ભાજપમાં વિલીન થઈ ગઈ હતી. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીની હાજરીમાં જીપીપીના પ્રદેશ પ્રમુખ ગોરધનભાઈ ઝડફીયા અને સમગ્ર હોદ્દેદારો સામૂહિક રીતે ભાજપમાં જોડાતા ભાજપના કાર્યકરોએ ઉમળકાથી સૌને વધાવ્યા હતા.

સિ.સિ.કા.ની માસિક સભા, પુસ્તક વિમોચન કરાશે

ગાંધીનગર, તા.૨૫

સિનિયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગરની માસિક સભા તા. ૨૮ ફેબ્રુઆરી શુક્રવાર સાંજે ૪-૦૦ કલાકે સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી સેકટર-૭ ખાતે મળશે. આ પ્રસંગે લવજીભાઈ વડિયા લિખિત ખાતાકીય તપાસ અંગેના પુસ્તકનુંવિમોચન સંસ્થાના પ્રમુખના હસ્તે કરવામાં આવનાર છે અને ગાંધીનગર સમાચારના તંત્રીશ્રી કૃષ્ણકાન્ત જહા સ્વર્ણિમ ગાંધીનગર સંદર્ભે વાર્તાલાપ કરશે. કાઉન્સિલના સભ્યોએ સમયસર ઉપસ્થિત રહેવા મંત્રી મહેન્દ્ર શાહને જણાવ્યું છે.

ગુજરાતમાં ખેતીની જમીન ઓછી થતાં ઉત્પાદન ઘટ્યું

વિધાનસભામાં વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાના આકરા પ્રહારો : શિક્ષણ, ભ્રષ્ટાચાર, જીડીપી સહિત મુદ્દા ઉઠાવ્યા

ગાંધીનગર, તા.૨૫

ગુજરાત વિધાનસભામાં વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજે ગૃહમાં લેખાનુદાન બજેટ પરની ચર્ચામાં ભાગ લેતા જણાવ્યું હતું કે, ભારત શ્રેષ્ઠ છે તેમાં તમારી વ્યાખ્યાની જરૂર નથી. એટલે કલ્યાણનો સાથ, ભાજપનો વિકાસ, તલાટીઓનો નાશ, ગુજરાતની પ્રજાનો વિનાશ અને ભ્રષ્ટાચારનો વિકાસના સૂત્ર દ્વારા શરૂઆત કરી હતી. વિરોધપક્ષના નેતાએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૯-૧૦માં ગુજરાતનો જી.એસ.ડી.પી ૧૦.૧૦ હતો, ત્યારે અન્ય રાજ્યો જેવા કે, અરુણાચલ પ્રદેશ ૧૪.૮૦, બિહાર ૧૦.૪૨, ગોવા ૧૦૬૩, હરિયાણા ૧૧.૦૦, મધ્યપ્રદેશ ૧૦.૫૦, મિઝોરમ ૧૦.૫૯ અને સિક્કીમ જેવા નાના રાજ્યમાં ૧૧.૭૪ હતો તે ગુજરાત કરતા આગળ હતા. ખેતીની બાબતમાં આંકડા જણાવતા તેમણે કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૧-૧૨ની તુલનામાં ખેતીની જમીન ૨૨૪૩૦૦ હેક્ટર ઓછી થઈ છે અને કૃષિ ઉત્પાદનમાં પણ આ સમય દરમિયાન ૧૯૩૪૦૦૦ ટનનો ઘટાડો થયો છે. રાજીવ ગાંધી વિદ્યુતીકરણ યોજનાના આધારે ખેતીમાંથી સિંગલ ફેશ કાઢી તેનું નવું જ્યોતિગ્રામ આપી પ્રચાર કર્યો પરંતુ આજે પણ છ લાખ જેટલા ખેડૂતો કૃષિવિષયક વિજ જોડાણ વગર ટળવળે છે. ખાનગી ક્ષેત્રની મોઘીદાટ વિજળી ખરીદી કરોડો રૂપિયાનું ભારણ ગુજરાતની પ્રજા ઉપર પડે છે. શિક્ષણની વાત કરતા વાઘેલાએ કહ્યું હતું કે, ગુજરાત શિક્ષણ માટે જે જોગવાઈ કરે છે તેના કરતા મહારાષ્ટ્ર, બિહાર, છત્તીસગઢ, ઉત્તરપ્રદેશ, રાજસ્થાન જેવા રાજ્યો પાંચથી સાત ટકા જેટલી વધુ જોગવાઈ શિક્ષણ માટે બજેટમાં કરે છે. સાક્ષરતાની બાબતમાં ૨૦૦૧ ની વસ્તી ગણતરીએ લગભગ ૭૦ ટકા સાથે ગુજરાત દેશમાં ૧૫માં ક્રમે છે. આજે ૧૮માં ક્રમે છે. વાયબ્રન્ટ ગુજરાતના નામે પણ પ્રચાર થઈ રહ્યા છે. અમારો મુખ્ય મુદ્દો ભ્રષ્ટાચારને દૂર કરવાનો છે. ખનીજ ચોરીના રૂપિયાથી કોંગ્રેસના ધારાસભ્યોને ખરીદવામાં આવે છે. ભાજપે નૈતિકતાના મુલ્યોને નેવે મુકયા છે.

કંપની સમાચાર

સ્ટેર્સ રજૂ કરે છે 'હોકી ફોર ગ્રોથ'

રમતગમત, શિક્ષણ અને સ્વાસ્થ્યના માધ્યમ દ્વારા વંચિત યુવાઓમાં સશક્તિકરણનું કાર્ય કરતી ભારતની સૌથી મોટી બિન સરકારી સંસ્થાઓ સ્ટેર્સ એ તેની ઝુંબેશ 'હોકી ફોર ગ્રોથ'ની રજૂઆત કરી છે. આ ઝુંબેશમાં સ્ટેર્સનાં સલાહકાર મંડળમાં રાજયસભાનાં સભ્ય અને ભારતીય હોકી ટીમનાં પૂર્વ કેપ્ટન ડૉ. દિલીપ ટીર્કી પણ જોડાયા છે. ડૉ. ટિર્કી સ્ટેર્સને તેનાં રમતગમત સંબંધી કાર્યક્રમો અને પ્રોજેક્ટોમાં સહાય કરશે. 'હોકી ફોર ગ્રોથ' ઝુંબેશનો હેતુ ભારતમાં વંચિત યુવાઓમાં હોકીની રમતને પૂર્ણ તાકાતની પ્રસરાવવાનો છે. સ્ટેર્સે આ ઝુંબેશના આરંભ ઓરિસ્સાથી કર્યો છે અને તેમાં ડૉ. ટિર્કીએ સ્થાપેલી સંસ્થા હોકી ગંગપુર પણ જોડાઇ છે. સ્ટેર્સે તેનાં આ પગલાંના ઓરિસ્સાનાં ગ્રામિણ વિસ્તારોમાં ખેલાડીઓને ૪૦૦ હોકી સ્ટીક્સનું વિતરણ કર્યું હતું. ઓરિસ્સાનાં મહેસૂલ અને આપદા સંચાલન બાબતોનાં મંત્રી ચુર્જય નારાયણ પટરાવ પણ હાજર રહ્યા હતા. પટરાવે આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'ઓરિસ્સાએ ડૉ. દિલિપ ટીર્ક, ઇગ્રાસ ટિર્ક જેવા વિશ્વના શ્રેષ્ઠ હોકી ખેલાડીઓ દેશને આપ્યા છે. સ્ટેર્સ અને ડૉ. ટિર્કેના જોડાણથી હોકીની રમતને નવી જાગ્રતિ મળશે તેવો મને વિશ્વાસ છે.'

અમદાવાદ ઓઢવ સ્થિત પશુપતિનાથ મંદિરમાં મહાશિવરાત્રી મહોત્સવ ઉજવાશે

અમદાવાદના ઓઢવ ખાતે આવેલા શ્રી પશુપતિનાથ મંદિરમાં તેના ૧૧માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે અને મહાશિવરાત્રિ પર્વ નિમિત્તની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. નેપાળની રાજધાની કાઠમંડુ ખાતે આવેલા શ્રી પશુપતિનાથ મંદિરની હુબહુ નકલ ઓઢવ સ્થિતશ્રી પશુપતિનાથ મંદિરમાં છે. શ્રી પશુપતિનાથ મંદિર ઓઢવના પ્રમુખ નેનસિંગ રાજપૂતે જણાવ્યું હતું કે, ગુજરાતની ધર્મપ્રેમી જનતા જેઓ નેપાળ ખાતે આવેલા પશુપતિનાથ મંદિરના દર્શન કરવા જઈ ન શકતા હોય તેઓને ધ્યાનમાં રાખીને અમદાવાદમાં વસતા નેપાળી સમાજ આગવી મહેનતથી આ મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું હતું. આજે આ મંદિરમાં દર્શન કરવા આવતાં દર્શનાર્થીઓને નેપાળના પશુપતિનાથ મંદિરમાં દર્શન કર્યાનો અનુભવ થાય છે. શ્રી નેનસિંગ રાજપુતે વધુમાં જણાવ્યું હતું કે, તા. ૨૭મી ફેબ્રુઆરી મહાશિવરાત્રીના રોજ મંદિરમાં સવારથી પૂજા-પાઠ શરૂ થઈ જશે. સવારના શિવલિંગને રૂદ્રાભિષેક કરવામાં આવશે. બપોરે ૧૨.૦૦ કલાકે આરતી તેમજ હોમ કરવામાં આવશે. સાંજે સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે.

હવે સર્વશિક્ષા અભિયાનમાં ગેરરીતિઓ થઈ : સરકાર

સર્વશિક્ષા અભિયાન ગેરરીતિ આચરાઈ હોવાની કબૂલાત રાજ્ય સરકાર કોર્ટ સમક્ષ કરી છે. સર્વશિક્ષા અભિયાનની ગ્રાન્ટમાં ગેરરીતિ મામલે ગુજરાત હાઈકોર્ટમાં સરકાર સમક્ષ કરાયેલી કન્ટેમ્પ્ટ ઓફ કોર્ટમાં અરજી મામલે રાજ્ય સરકારે કોર્ટમાં પોતાનો અહેવાલ રજૂ કર્યો હતો જેમાં સર્વશિક્ષા અભિયાનમાં ગેરરીતિ આચરાઈ હોવાની કબૂલાત કરવામાં આવી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજ્યમાં સાક્ષરતા દર ઉંચો લાવવા માટે રાજ્યસરકાર દ્વારા સર્વશિક્ષા અભિયાન ચલાવવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા આ અભિયાનને સફળ બનાવવા માટે દર વર્ષે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. પરંતુ આ ગ્રાન્ટના નાણાંમાં મોટાપાયે ગેરરીતિ આચરાતી હોવાનો આક્ષેપો વારંવાર થાય છે જેના પગલે કોર્ટમાં આ અંગે જાહેરહિતની અરજી કરવામાં આવી હતી જેના જવાબમાં હાઈકોર્ટે રાજ્ય સરકારને નોટિસ પાઠવી સરકારનો જવાબ માગ્યો હતો.

કલેક્ટરની બેઠક

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ માટે નિમાયેલ અધિકારીઓની વિગતો સહિતની જાણકારી પક્ષોના આગેવાનોને આપવામાં આવશે. દરમ્યાન કલેક્ટરશ્રી સ્વરૂપે આજે ચૂંટણી માટે નિમાયેલા નોડલ ઓફિસરોની પણ એક બેઠક બોલાવી ચૂંટણીની કામગીરી માટે સજ્જ થવાની તાકીદ કરી હતી.

રાજકીય પક્ષોના આગેવાનોને આદર્શ આચારસંહિતાના અમલ અંગે પણ જરૂરી માર્ગદર્શન આપવામાં આવનાર છે. લોકસભાની ચૂંટણી અંગેની જાહેરાત પૂર્વે રાજકીય પક્ષોના આગેવાનો સાથેની આ બેઠક મહત્વની લેખાવવામાં આવી રહી છે.

નામ બદલેલ છે

મારું નામ પરમાર ધવલકુમાર રાજેન્દ્રકુમાર બદલીને ચૌહાણ ધવલકુમાર રાજેન્દ્રકુમાર (નવુ નામ) રાખેલ છે. જેની સર્વેએ નોંધ લેવી
લિ.
ચૌહાણ ધવલકુમાર રાજેન્દ્રકુમાર
પ્લોટ : ૧૭/૨, સેક્ટર-૪એ,
ગાંધીનગર - ૩૮૨૦૦૬

જાહેર હરાજી

ભિનઉપયોગી વાહનોની (જેન માફતિ)ની જાહેર હરાજી

નિયામક અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, બ્લોક નં. ૧૪/૬ ફ્રો માળ, નવા સચિવાલય, ગાંધીનગર તરફથી જાહેર હરાજીથી વાહન વેચાણ કરવાના છે.
ફોન નંબર : ૨૩૨૫૪૮૦૧
જાહેર હરાજીની તારીખ : ૨૧/૩/૨૦૧૪, શુક્રવાર
હરાજીનું સ્થળ : નિયામક અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, કમીટી રૂમ, બ્લોક નં. ૧૪, ૬ફ્રો માળ, નવા સચિવાલય ગાંધીનગર
જાહેર હરાજીને લગતી તમામ માહિતી તથા શરતો સ્થળ ઉપર આપવામાં આવશે.
હરાજીનો સમય : બપોરે ૧૩-૦૦ કલાકે

હરાજીમાં ભાગ લેવા ઈચ્છનાર વ્યક્તિએ તા. ૧૫/૩/૨૦૧૪ શનિવાર સુધીમાં વાહન પેટે અલગ અલગ રૂ. ૨૦,૦૦૦/- રૂપિયા વીસ હજાર ડીપોઝીટ પેટે મદદનીશ નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠાને જમા કરાવવાના રહેશે. ડીપોઝીટ ભરનાર ઈસમ સિવાય અન્ય કોઈ પણ વ્યક્તિને હરાજીના સ્થળે ઉપસ્થિત રહેવા પરવાનગી આપવામાં આવશે નહીં. વાહન જે વ્યક્તિ હરાજીથી ખરીદે તે સિવાયના તમામ ઈસમોને રકમ પરત કરવામાં આવશે. વાહનની અપસેટ કિંમત નીચે મુજબ છે.

વાહન નંબર	અસપેટ કિંમત	મોડલ	ડીપોઝીટ
જી.જે.૧૮ જી.૧૩૫૦	૪૬,૦૦૦/-	૨૦૦૧ (મારૂતી જેન)	૨૦,૦૦૦/-

અપસેટ કિંમત નીચે કિંમત સ્વીકારવામાં આવશે નહીં. વાહન માટે અલગ નાણાં જમા કરાવવાના રહેશે.

સહી/- નાયબ નિયામક
માહિતી/૨૭૧૨/૧૩-૧૪ અન્ન અને નાગરિક પુરવઠા, ગાંધીનગર

શબ્દાવલી - ૫૩૨૫

૧	૨	૩	૪	■	૫	૬	૭	
■	૮			■	૯			
૧૦		■	૧૧			■		
૧૨		■		■	■	૧૩		
	■	૧૪	■	૧૫				
■	૧૬		■		■		■	
૧૭			■	૧૮		■	૧૯	
૨૦			■		■	૨૧		

આડી ચાવી

૧. દૂધને ઠંડુ કરી બનાવાતી વાગની (૪)
૫. ખુશી (૩)
૮. એકલવાયુ, એકલું (૩)
૯. સિપાહી (૩)
૧૦. બરફનો વરસાદ પડે તે(૨)
૧૧. ગોટી, અંટી (૩)
૧૨. ગમન, વિદાય (૨)
૧૩. કૃષ્ણ પક્ષ, તિથિ (૨)
૧૫. સાગર, દરિયો (૪)
૧૬. બંધ કર, દરવાજો... (૨)
૧૭. ઘા-ગુમડા પર... લગાવાય (૩)
૧૮. માંગલિક (લગ્ન) પ્રસંગ(૨)
૨૦. બહુ અવાજ કરતું જંતુ(૩)
૨૧. ધોરણ, વર્ગ (૨)

ઊભી ચાવી

૨. વહેમ મારવો, રોલા મારવા (૪)
૩. પડદો (૨)
૪. મોટું ભવન (૪)
૫. તંબુ, છાવણી (૩)
૬. મોટીબેન, દીદી (૨)
૭. પુજ્ય ગાંધીબાપુનું જન્મ સ્થળ (૫)
૧૦. કાજળ, મેશ (૩)
૧૩. મુખ, ચહેરો (૩)
૧૪. ભુખથી લોકો મરે તે (૪)
૧૫. દાન (૪)
૧૬. પ્રિયતમ, પિયુ (૩)
૧૭. વિચાર, વોટ (૨)
૧૯. રક્ષણ, રાખડી (૨)

શબ્દાવલી ૫૩૨૪ના જવાબ

આડી ચાવી :-(૧) કાતીલ (૩) શતાવરી (૬) પલટન (૭) ગીલેટ (૯) સ્સેશ (૧૦) લખવું (૧૧) પન (૧૨) ખાટ (૧૪) ગમ (૧૫) સકર્મ (૧૬) રસાતળ (૧૮) વેળા (૨૦) વગ (૨૧) શબનમ

ઊભી ચાવી :- (૧) કારગીલ (૨) લપટવું (૩) શટરપટર (૪) તાનસેન (૫) રીસ (૮) લે